
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃશ્ચિક**

**આજના ગ્રહોની કુંડળી**




**ચંદ્ર સવારે સાડા ચારે ધન રાશિમાં જાય છે. શનિ ચંદ્રનો વિષયોગ અને મંગળ ચંદ્રનો ચંદ્ર માંગલ્ય યોગ થાય છે. ગુરુ રાહુનો ચાંડાલ યોગ ચાલે છે તેમજ રાહુ કેતુની એકબાજુ બધા ગ્રહો આવવાથી કાલસર્પ યોગ ચાલે છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** પાંચમા અને આઠમા સ્થાનને ખરાબ કક્ષાના યોગોમાં ગણીએ તો અગિયારમાં સ્થાનમાં સૂર્ય બુધ સારો યોગ ગણાય - માટે આજના દિવસમાં આપને મિશ્રફળ મળે - સાવધ રહેવું.

**વૃષભ** ચોથા અને આઠમા સ્થાનના પાપગ્રહોની સ્થિતિ જોતાં તકલીફો ઊભા થાય. પરંતુ કેન્દ્રમાં દસમા સ્થાને (ચોથે) સૂર્ય બુધની સ્થિતિ સારી છે માટે મિશ્ર અનુભવો વાળો દિવસ જાય.

**મિથુન** આટમાં સ્થાનમાં શુક્ર લગ્ન જીવન, કૌટુંબિક જીવન તેમજ મિત્ર વર્તુળમાં તમોને ખૂબ જ પ્રવૃત્ત રાખશે. દિવસ આનંદમય પસાર થશે - કુટુંબના સભ્યો તમોને આદર અને પ્રેમ આપશે.

**કર્ક** સાતમે શુક્ર પત્ની તરફથી તમોને આનંદમય સમય પસાર થાય તેવો સંપૂર્ણ સહકારભર્યો વર્તાવ હશે. તમો પણ એટલા જ આનંદમાં આખો દિવસ પસાર કરી શકશો. દિવસ આનંદમાં જશે.

**સિંહ** રાશિમાં ચાંડાલયોગ ખરાબ છે પરંતુ રાશિપતિની રાશિ પર દ્રષ્ટિના કારણે તમો આજે પ્રભાવશાળી, બુદ્ધિમતાવાળા, તમારા વર્તુળમાં અલગ તરી આવો તેવો દિવસનો યોગ છે.

**કન્યા** ત્રીજે છઠ્ઠે પાપગ્રહો છે જે તમોને સ્થાનોના કારણે સારું ફળ આપે છે. રાશિપતિ આજે નબળો છે તેમજ છઠ્ઠે ગયેલ છે - અસ્તનો છે - સૂર્ય સાથે છે - માટે મધ્યમ ફળ આપે.

**તુલા** બીજે વિષયોગ અને ચંદ્ર માંગલ્ય યોગ હીં ધંધાપાણીમાં નફા નુકસાનના યોગ કરાવે છે. એક જગ્યાએ નુકસાન કરાવે તો બીજી જગ્યાએ નફો કરાવે - સાવધાનીથી રહેવું.

**વૃશ્ચિક** રાશિપતિ રાશિમાં અંશાત્મક બાલ્યાવસ્થામાં હોઈ શનિચંદ્રના વિષયોગની અસરો રાશિ ઉપર વધુ રહે તેથી લાભ કરતાં નુકસાન વધારે - ફેફસાંની બિમારી કરે - વાયુ રોગ કરે.

**ધન** બારમે શનિ મંગળ ચંદ્રનો યોગ નફા કરતાં આવક કરતાં જાવક વધારે કરે તેવા યોગ છે. ધારેલ આવક ન થાય. ધારેલું કામ ન થાય. બુરી સંગતથી બચવું - ઈષ્ટદેવની ભક્તિ કરવી.

**મકર** રાશિમાં શુક્ર તમોને માનસિક તરંગી બનાવે - રોમાન્ટીક વિચારો આવે - ના ધારેલી જગ્યાએથી પૈસાની આવક થાય - આઠમે રાહુ ઉપર સૂર્યની દ્રષ્ટિ પડવા - વાગવા-દાઝવાથી સાચવવાના યોગ છે.

**કુંભ** કાલસર્પ યોગ - સાતમે ચાંડાલ યોગ - સૂર્ય ગુરુની પ્રતિયુતિ આ બે યોગોમાં તમોને સાચવવા સૂચવે છે - શક્ય હોય તેટલી ઈષ્ટદેવ અને મહાદેવની ભક્તિ - પૂજા કરશો તો સારું રહેશે.

**મીન** બારમે સૂર્ય - બુધ - કેતુની યુતિ તમોને અણધાર્યા મોટા ખર્ચામાં ઉતારી દે - સારા યોગ મદદકર્તા નથી - પગમાં સાથળમાં દુ:ખાવા શરૂ થવાના યોગો છે - ભોજનમાં સાચવવું.



**ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ઈસરી પોલીસ સ્ટેશનને દારૂના અડ્ડા બંધ કરાવવા આવેદનપત્ર આપ્યું**

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ સ્ટેશને શનિવારના રોજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના મેઘરજ દ્વારા પી.એસ.આઈ. ભાટીને ઠાકોર સેના આયોજીત વ્યસનમુક્તિ મહાકુંભ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ચાલતી ઝુંબેશના અનુસંધાને દારૂનુ સેવન કરવાથી ગંભીર બીમારીઓ થાય છે. તથા તેના કારણે કેટલાય કુટુંબો બરબાદ થાય છે. જેના કારણે દિવસે દિવસે શિક્ષણનું સ્તર નીચુ થતુ જાય છે. જેનું મુખ્ય કારણ દારૂ છે. જેથી ઈસરી પો. સ્ટેશનના વિસ્તારમાં ચાલતા દારૂના અડ્ડા બંધ કરાવવા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

# અમદાવાદમાં જ્વેલર્સ દ્વારા ત્રણ દિવસ જડબેસાલક બંધ

અમદાવાદ, તા.૧

કેન્દ્રના વર્ષ ૨૦૧૬-૧૭માટે કેન્દ્રીય નાણા મંત્રી અરૂણ જેટલી દ્વારા લોકસભામાં રજુ કરવામાં આવેલા બજેટમાં એકસાઈઝમાં વધારો કરવાના નિર્ણયને પગલે આવતીકાલથી અમદાવાદના જેવલર્સ એસોશિએશન દ્વારા ત્રણ દિવસનો જડબેસલાક બંધ પાળવાની જાહેરાત્ કરવામાં આવી છે. આ અંગે રતનપોળ જ્વેલર્સ એસોશિએશનના દેવેન ચોકસીના જણાવ્યા અનુસાર કેન્દ્રના બજેટમાં સોના પર વસુલવામાં આવતી એક સાઈઝના દરમાં એક ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી સોના ચાદીનું માર્કેટ ખુબ તંગ પરિસ્થિતિમાં કામકાજ કરી રહ્યું છે. એવા સમયે આ વધારાથી વ્યવસાય ઉપરઘણી ગંભીર અસર પડે એમ છે. અમદાવાદ જ્વેલર્સ એસોસિએશિન દ્વારા આવતીકાલથી ત્રણ દિવસ માટે બંધ પાળવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પગલે રતનપોળ સોના ચાંદી એસોશિએશન, માણેકચોક ચોકસી મહાજન હોલસેલ દાગીના બજાર ઉપરાંત બુલિયન માર્કેટ સહિત શહેરના સીજીરોડ ઉપર આવેલ સીજીરોડ જ્વેલર્સ એસોશિએશલ પણ આ બંધમાં જોડાશે.

જાણકાર લોકો માની રહ્યા છે કે આના કારણે સોના કારોબારીઓને નુકસાન થશે. ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ટ્રેડ ફેડરેશનના ચેરમેન જીવી શ્રીધરે દાવો કર્યો છે કે બજેટમાં કેટલીક નવી જોગવાઈ કરવામાં આવ્યા બાદ જ્વેલરી ઈન્ડસ્ટ્રીઝમાં આશરે ૮૦ ટકામેન્યુફેકચરિંગ યુનિટો બંધ થઈ જશે. ટેક્સ કલેક્શન એટ સોર્સના સ્વરૂપમાં જ્વેલરી ગ્રાહકો પર અન્ય એક ટકા વધારાની એક્સાઈઝ ડ્યુટી લાગુકરવામાંઆવીછે. ૨૦૦૦૦૦ની વધુની જ્વેલરીની રોકડ ખરીદી પર એક ટકા એક્સાઈઝ બોજ લાગુ કરવાની હિલચાલનો વિરોધ કરાઈ રહ્યો છે. જીજેએફ ડિરેકટર અશોક મિનાવાલાએ કહ્યુ છે કે સરકારે ત્રીજી વખત જ્વેલરી પર એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કર્યો છે. અગાઉ વખત વધારો કરવામાં આવ્યો ત્યારે વિરોધ થયો હતો. જેથી સરકારે તેને પરત ખેંચવાની ફરજ પડી હતી. વર્ષ ૨૦૧૨માં જ્વેલરી પર એક્સાઈઝ ડ્યુટીને પરત ખેંચવાની સરકારને ફરજ પડી હતી.

# બોગસ શિક્ષણ સંસ્થાઓ સામે પગલા લેવા કોંગ્રેસની માંગણી

અમદાવાદ, તા.૧

રાજયના શિક્ષણ વિભાગની આંખ આડા કાન કરવાની ભ્રષ્ટાચારી નીતિને લીધે માન્યતા વગર બીબીએની ડીગ્રી આપતી શાંતિ બીઝનેશ સ્કુલ સહિતની સંસ્થાઓ સામે કોઈ પગલાં ભરાતા નથી. પરિણામે મધ્યમવર્ગ વિદ્યાર્થી-વાલીઓ ફી ભર્યા પછી હેરાન થઈ રહ્યા છે અને કારકિર્દી માટે ચિંતામાં આવી ગયા છે. શાંતિ બિઝનેશ સ્કુલની બીબીએ અભ્યાસક્રમની જેમ રાજયમાં માન્યતા વગર સવિનય ધરાવતી સંસ્થાઓ સામે કડક પગલાં ભરવાની માંગ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ સિન્ડીકેટ સભ્ય ડૉ. મનિષ દોશીએ જણાવ્યુંહતુંકે, ભાજપ શાસકો સાથે ઘરોબો ધરાવતી અગ્રણી બિઝનેશ ગ્રુપ દ્વારા ચલાવવામાં આવતી શાંતિ બિઝનેશ સ્કુલ બીબીએ અભ્યાસક્રમ માટે રાજયની એક પણ યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી નથી. સાથોસાથ રાજયની કેન્દ્રની કોઈ પણ ઓપન યુનિવર્સિટીએ આ પ્રકારના અભ્યાસક્રમની મંજુરી આપી નથી. વિદ્યાર્થીઓને મોટા મોટા સપનાં દેખાડીને ઉંચી ફી વસુલતા આ સંચાલકો મધ્યમવર્ગના વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરી રહ્યા છે.

# છોટાઉદેપુરના ડી.વાય.એસપી. એમ. એ. વાળાની આત્મહત્યા

અમદવાદ,તા. ૧

છોટા ઉદેપુરના ડીવાયએસપીની આત્મહત્યાથી ખળભળાટ મચી ગયો છે. પોતાની સર્વિસ રિવોલ્વરમાંથી છાતીમાં ગોળીમારીને મૂળરાજસિંહે આત્મહત્યા કરી લીધી છે. ગંભીરરીતે ઘાયલ થયેલા મૂળરાજને હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર એમ એ વાળાએ પોતાની ઓસ્ટ્રિયા બનાવટની ગ્લોક સેમી ઓટોમેટિક પિસ્તોલથી છાતીના ડાબી બાજુના ભાગે પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરીંગ કર્યું હતું. જેથી ગોળી છાતીને વિંધીને આરપાર નીકળી ગઈ હતી. ગોળીબારનો અવાજ સાંભળતા જ બાજુની ઓફિસમાં બેઠેલા છોટાઉદેપુરના એસપીપીએસ બરંડા અને સ્ટાફના અન્ય લોકો દોડી આવ્યા હતાં. એસપીબરંડાએ વાળા તમે શા માટે આમ કર્યું તેવો પ્રશ્ન ઢળી પડેલા એમ એ વાળાને કર્યો હતો. પરંતુ તેઓ કશું બોલી શક્યા ન હતા. પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળની વીડિયોગ્રાફી પણ કરી છે. ઘાયલ એમએવાળાનો સૌ પ્રથમ છોટાઉદેપુરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા બાદ વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં ફરજપરના ડોક્ટર્સે તેમને મૃત જાહેર કર્યા હતા. તેમણે શા માટે આત્મહત્યા કરી તે જાણી શકાયું નથી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ બાદ કાયદેસર કાર્યવાહી હાથધરી તેમના મૃતદેહ ને પરિવારજનોને સોંપવામાં આવશે. વાળાના મોતના સમાચારથી પોલીસતંત્રમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે ઘટનાને પગલે ડીવાયએસપી એમ એ વાળાના પત્ની તેમના પરિવારજનો સાથે વડોદરાની ખાનગી હોસ્પિટલ દોડી આવ્યા હતા. પતિનું મોત થયું હોવાની જાણ થતાં જ તેમના પત્ની હોસ્પિટલમાં આઘાતથી ઢળી પડ્યા હતા. હોસ્પિટલ સ્ટાફ દ્વારા તેમના પત્નીને સ્ટ્રેચર પર અંદર લઈ જવામાં આવ્યા હતા. એમ એ વાળા ૧૮-૧૦-૧૯૯૭ના રોજ પી.એસ.આઈ તરીકે ગુજરાત પોલીસમાં ભરતી થયા હતા. વર્ષ ૨૦૦૮માં પીઆઈ તરીકે બઢતી થઈ હતી. વ્યારા ખાતે એસીબીપીઆઈ તરીકે ફરજ બજાવત હતાં.

**સવારે ૧૧ વાગે બનેલ બનાવથી પોલીસ છાવણીમાં ભારે ચર્ચા : છાતીથી ગોળી આરપાર નિકળી ગઈ : વધુ તપાસ**



**ભ્રષ્ટાચાર મુકત ભારતના હેતુ સાથે ઉત્તર પ્રદેશનો યુવાન પાલનપુરમાં પહોંચ્યો**

સમગ્ર ભારતમાં ભ્રષ્ટાચાર હટાવવાના હેતુ સાથે સમગ્ર દેશમાં સાઈકલ પ્રવાસ કરનાર ઉત્તર પ્રદેશનો યુવાન સુદર્શન પ્રસાદ પાલનપુર આવી પહોંચ્યો હતો. તેણે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન બાદ ગુજરાતમાં પાલનપુરથી પ્રવેશ કર્યો છે. ૧,૦૦,૦૦૦ કિ.મી.ના પ્રવાસ બાદ પાલનપુર કલેકટર, દિલીપ રાણાની મુલાકાત લીધી હતી તેમને શહેરીજનો અને વહીવટી તંત્રે શુભકામનાઓ પાઠવી હતી. ભ્રષ્ટાચાર સામે યુવાનોને જાગૃત થવા આહ્વાન કર્યું હતું. આજના સમાજ જીવનમાં ઠેર ઠેર વ્યાપ્ત ભ્રષ્ટાચારથી સામન્ય પ્રજાનું જીવન દુષ્કર બની ગયું છે. દેશમાંથી ભ્રષ્ટાચાર નાબુદ કરવા રાજય સરકાર અને કેન્દ્ર સરકારને કડક હાથે કામ લેવા અનુરોધ કર્યો હતો.

## સાબરકાંઠામાં જુના તથા બંધ પડેલા બોરવેલને યોગ્ય રીતે ઢાંકવા તંત્રનો આદેશ

રાજ્યમાં વિવિધ સ્થળોએ છેલ્લા ઘણા સમયથી ખુલ્લા બોરવેલમાં બાળકો પડી જવાની ઘટનાઓ બનતા આ ગંભીર બાબતને નિવારવા માટે રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડ્યા છે. સાબરકાંઠા જિલ્લા અધિક મેજીસ્ટ્રેટે કેટલાક પ્રતિબંધાત્મક આદેશો જાહેર કર્યા છે. જેમાં જિલ્લામાં જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સંબંધીત વિભાગની મંજુરી મેળવી હોય તો તેની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં બોર માલીક અથવા બોર એજન્સી દ્વારા જાણ કરવાની રહેશે. બોરવેલ કોઈ બાળક કે પ્રાણીઓ પડી ન જાય ને તેથી કોઈ જાનહાનિ થાય નહિ તે માટે બોરવેલની વિસ્તારમાં મજબુત ફેન્સીંગ વાડ કેફરતી દિવાલ કરવાની રહેશે.

### ઈપીએફ પર ટેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્મચારીઓ સામેલ કરવામાં આવ્યા નથી. સોમવારના દિવસે બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ પગારદાર વર્ગમાં નિરાશા પ્રવર્તી રહી હતી. જેના કારણે નાણાં રાજ્યપ્રધાન જયંતસિંહાએ સ્પષ્ટતા કરતા કહ્યુ હતુ કે કેટલીક દુવિધા હતી તેને હવે દુર કરવામાં આવી છે. તેમણે કહ્યુ હતુ કે ચિંતાની નોંધ લેવામાં આવી છે. સોમવારના દિવસે રજૂ કરવામાં આવેલા બજેટમાં નાણાં પ્રધાન જેટલીએ કહ્યુ હતુ કે પેન્સનના પૈસા અને ઈપીએફ સહિત માન્યતા પ્રાપ્ત ભવિષ્યનિધીનો ૪૦ ટકા હિસ્સો ટેક્સ ફ્રી રહેશે અને અન્ય પર ટેક્સ લાગુ કરાશે. આ નિયમ પહેલી એપ્રિલ ૨૦૧૬અથવા તો ત્યારબાદથી ઈપીએફમાં યોદગાનથી તૈયાર કોર્પ પર લાગુ થશે. કર્મચારી યુનિયન અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોએ જોરદાર વિરોધ કર્યો હતો. સાથે સાથે કેન્દ્રની યોજના સામે વાંધો ઉઠાવ્યો હતો. હવે સરકારે આજે હોબાળો થયા બાદ સ્પષ્ટતા કરી હતી કે પીએફમાં જમા રકમ પર કોઈ દુવિધા નથી. પીએફમાં જમા રકમ પર ટેક્સને લઈને સરકાર ચારેબાજુથી ઘેરાઈ ગઈ હતી. કોંગ્રેસે કહ્યુ હતુ કે કેન્દ્રે કર્મચારીઓના હિતો તરફ ધ્યાન આપ્યુ નથી માત્ર ખજાનો વધારી દેવા પર ધ્યાન અપાયુ છે. સીપીએમ નેતા એકે પદ્મનાભાને કહ્યુ હતુ કે મજુરોની જમા રકમ અને તેમના જીવનભરની કમાણી સાથે ચેડા યોગ્ય નથી. તમામ ટ્રેડ યુનિયનોએ વિરોધ કર્યો હતો. જેથી સરકારે આખરે ઝુંકી જઈને નિર્ણય પાછો ખેંચી લીધો છે. સરકારે સ્પષ્ટતા કરતા કહ્યુ હતુકે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ)ની રકમ ઉપાડી લેતી વેળા પહેલાની જેમ જ ટેક્સ રાહતો જારી રહેશે.

### ફરીથી ચકાસણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યુ હતુ કે પિલ્લાઈ પણ આના માટે બરોબર જવાબદાર છે. બીજી બાજુ પિલ્લાઈએ કહ્યુ છે કે ફાઈલ તત્કાલીન ગૃહ પ્રધાન પાસેથી આવી હતી જેથી કોઈ વિરોધ તેમના તરફથી કરવામાં આવ્યો ન હતો. પિલ્લાઈના દાવા અને મુંબઈ હુમલાના આરોપી ડેવિડ હેડલીના ધડાકા બાદ હવે સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરવામાંઆવી છે. જેમાં માંગ કરવામાં આવી છે કે ગુજરાત પોલીસની સામે રહેલા તમામ મામલાને ખતમ કરી દેવામાં આવે. આ જાહેર હિતની અરજી વકીલ એમએલ શર્મા દ્વારા દાખલ કરવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે હેડલીના નિવેદનને ગંભીરતાથી લેવાની જરૂર છે. આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે પોલીસ અધિકારીઓએ તત્કાલીન મુખ્યપ્રધાન મોદીને બચાવવા માટે તમામ પગલા લીધા હતા.

### સિલિન્ડર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સબસિડીવાળા સિલિન્ડરની કિંમતમાં નવ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ વર્ષે પહેલી ફેબ્રુઆરીના દિવસે બિનસબસિડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૧૮ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જ્યારે પેટ્રોલની કિંમતમાં સોમવારના દિવસે લીટરદીઠ ૩.૦૨નો ઘટાડો કરવામાં આવ્યો હતો. ડીઝલની કિંમતમાં ૧.૪૭નો વધારો ગઈકાલે કરવામાં આવ્યો હતો. ડીઝલની કિંમતમાં આ મહિનામાં બીજી વખત વધારો કરવામાં આવ્યો છે. સોમવાર બાદથી પેટ્રોલની કિંમત ઘટીને ૫૯.૬૩ની જગ્યાએ હવે ૫૬.૬૧ રૂપિયા થઈ છે. આ વર્ષે પેટ્રોલની કિંમતમાં સાતમી વખત ઘટાડો કરવામાં આવ્યો છે જ્યારે એકંદરે ૧૮મી ફેબ્રુઆરીના દિવસે પેટ્રોલની કિંમતમાં ૩૨ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં તાજેતરના સમયમાં સતત ફેરફાર કરવામાં આવી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાઈ રહ્યા છે.

### ભારે હોબાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકવિમો, નર્મદા, ટાટા નેનોને અપાયેલા લાભ, સૌની યોજના, બેરોજગારી, સાગર ખેડુત યોજના અને સૌરાષ્ટ્રના પીવાના પાણીની સ્થિતિનો ચિતાર રજુ કર્યો હતો. દરમિયાન પાટીદારો પર થઈ રહેલા અન્યાય અને અત્યાચારને ગૃહમાં રજુ કરવાની કોશીષ કરતા ટ્રેઝરીબેંચ પર બેઠેલા સિનિયર મંત્રી નિતિનભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો કે કોર્ટમાં મેટર હોવાથી આ વિષય ઉપર ચર્ચા ન થવી જોઈએ. ઉપાધ્યક્ષ આત્મારામ પરમારે ગૃહને શાંતિ ચલાવવા માટે આવા વિવાદાસ્પદ મુદ્દાથી દુર રહેવા ટકરો કરી હતી. આમ છતાં ધારાસભ્ય તેમની વાત ચાલુ રાખતા કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજાએ રાઘવજીભાઈને રોક્યા હતા કે અધ્યક્ષની ટકોર છતાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવે તો અધ્યક્ષનું અપમાન છે અને કોગ્રેસ પાટીદાર આંદોલનનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ ગુજરાતની શાંતિ ડહોળવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. માત્ર રાયપાલના પ્રવચન પરની ચર્ચા જ થવી જોઈએ. કોંગ્રેસના દંડક બલવંતસિંહ રાજપુત રાઘવજી પટેલનો બચાવ કરવા મેદાનમાં આવ્યા હતા કે ગૃહમાં અફઝલગુરુ કે પાકિસ્તાનની વાત થઈ શકતી હોય તો ગુજરાતના પ્રશ્નોની ચર્ચા થવી જોઈએ. વિધાનસભા ગૃહમાં રાઘવજીભાઈએ અત્યાર સુધીના ત્રણ આંદોલનનો ઉલ્લેખ કર્યો છે. તેમને રક્ષણ મળવું જોઈએ. કોંગ્રેસના જામનગરના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડુતની ખેતી ભાંગી રહી છે. વાવેતરમાં ઘટાડા થઈ રહ્યો છે. તેનું મુખ્યકારણ ખેડુતોને પોષણક્ષમ ભાવો મળતા નથી. પાકવિમા માટે યોગ્ય પધ્ધતિ નથી, નર્મદા યોજનાનો નિર્ધારીત ઉપયોગ થતો ન હોવાનો આક્ષેપ કર્યો હતો.

### કાર્યવાહી રદ

અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમ જિલ્લા પંચાયતની ૮ સમિતિઓની રચના અને ચેરમેનોની નિયુક્તી અંગેની કાર્યવાહી સંપન્ન થઈ ગઈ છે.

આજે બપોર બાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના આ નિર્ણયની વિગતો જાહેર થતાં જિલ્લાના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. બીજી તરફ અસંતુષ્ટ જૂથે પણ હવે તેનુ દબાણ પ્રદેશ નેતાગીરી સમક્ષ ઉભુ કરવા માટેનું મન બનાવી દીધુ છે અને ૮ જેટલા સભ્યોએ તેમના રાજીનામાના પત્રો જિલ્લા પ્રમુખને આપ્યાનું જાણવા મળેલ છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિર્ણય બાદ પંચાયત પ્રમુખ, નિરીક્ષકો અને જિલ્લા સંગઠનના આગેવાનો વચ્ચે પણ પરામર્શ થયાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે. જો કે કોંગ્રેસના સૂત્રો એવુ કહેતા સાંભળવા મળ્યા હતા કે ઘીના ઠામમાં વધુ એક વખત ઘી પડી જશે.

જિલ્લામાં સમિતિઓની રચનાને મુદ્દે થયેલા બળવાને લઈ પ્રદેશ મોવડીમંડળ પણ ચોંકી ઉઠ્યુ છે અને નિરીક્ષકોનો અહેવાલ માગ્યો છે એટલુ જ નહિ પંચાયત પ્રમુખ પાસેથી પણ અહેવાલ માંગ્યો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લા સંગઠન પાસે પણ પરિસ્થિતિ અંગેનો અહેવાલ માંગતા તે મોકલી દેવાયાનું જાણવા મળેલ છે.

### નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

ફરતો રહેત લોકો તેમની જરૂરિયાત અનુસાર સંપર્ક કરે છે. શું સાહિત્યિક કૃતિઓનો અપેક્ષા અનુસાર બરાબર પ્રચાર થાય છે? સિનેમા, સિરિયલ અને રમતગમત વિગેરેનો જે પ્રચાર થઈ રહ્યો છે. એટલો સાહિત્ય કૃતિઓનો કયાં થાય છે. અખબારો પણ કૃતિના પ્રકાશન બાદ તે અંગે સમીક્ષા પ્રગટ કરે છે. શું તમે એવું કયારેય જોયું કે અમુક લેખકની કૃતિ પ્રગટ થનાર છે. જેથી વાંચકોને તેની માહિતી મળી શકે?'

'લોકો એમ કહે છે કે કૃતિ કાકાને ઘરે ગઈ છે તમે તો લઈ આવ્યા.'

'મારો નાનો ભાઈ વાંચવા લઈ ગયેલો.'

'લાવો હું તમારી કૃતિને છાપી દઈશ' વિવેકે કહ્યું.

'તમે કઈ રીતે છાપશો? તમે તો પ્રેસના માલિક છો. તમારો ધંધો પ્રેસનો છે. તમે પ્રકાશનનું કામ કરતા જ નથી.'

'તો શું થયું હવે કરીશું.'

'બસ આજ વાત મારા સિદ્ધાંતને અનુકૂળ નથી.'

આજ ખાસ (સ્પેશ્યાલિટી) યોગ્યતાનો યુગ છે. આંખનું ઓપરેશન કરનાર ડૉકટર ડાયાબિટીસ (મધુપ્રમેહ)ની સારવાર માટે ફિઝિશિયનનો સંપર્ક કરવાનું કહેશે. જે લખે, છાપે અને પ્રકાશન પણ કરે. પરંતુ આ વાત વિશેષજ્ઞોના યુગને અનુરુપ નથી. મારા શાંત પ્રચારથી પ્રભાવિત થઈ ઘણા લોકો આવ્યા. તમે પ્રેસવાળા આવ્યા. કોઈ લેખક આવશે તો તેની સાથે ચર્ચા થશે. સંયોગવશ કોઈ પ્રકાશક આવી જાય ત્યારે તેની સાથે પ્રકાશિત કરવાની વાત કરીશ.

વિવેકભાઈ હંસીને બોલ્યા. 'તમે તો આદર્શ અને સિદ્ધાંતવાદી માણસ છો.' અને ઊભા થતાં બોલ્યા સારું ત્યારે નીકળું.

એક દિવસ ઘરના બારણે ફરી ડૉરબેલ વાગી. કવિનચંદ્રે બારણું ખોલ્યું. આંગતુકને આવકાર્યા.

'આવો બેસો, આપનો પરિચય?'

'મારું નામ પ્રકાશ, હું એક પ્રકાશક છું, તમારી કૃતિ વિશે જાણીને આવ્યો છું.'

'લાવું છું.' કહી કવિનચંદ્ર અંદર ગયા કૃતિ લાવીને તેમનાં હાથમાં મુકી.

'આ તો હસ્તપ્રત છે.'

'હાં, તો તમે શું છોકરી સમજેલા?'

પ્રકાશક હસ્યા. તો શું તમે આને પ્રકાશિત કરવા માંગો છો? તે માટે તમે સંપર્ક કરી શકતા હતા.

'હું કયાં જવા ત્યાં મારા ચંપલ ઘસતો રહું. બધા પ્રકારના લોકો પોતે આવીને અહીં સંપર્ક કરવા લાગ્યા છે.'

'તમે કેટલો ખર્ચ કરી શકશો?'

'હું ખર્ચ કરું, મેં તો મારો સમય ખર્ચ્યો છે તેનો લાભ લઈશ. સમય સોનું છે.'

પ્રકાશક પ્રબુદ્ધ હતા. ઈશારામાં સમજી ગયા. કૃતિના પાનાં ફેરવી વાંચવા લાગ્યા. પછી બોલ્યા. 'સારું, તમે કહેતા હો તો હું આ કૃતિને પ્રગટ કરું?'

'તમે સારી રીતે જોઈ લો, છાપો, જુદાં જુદાં સામયિકો અને અખબારોમાં તેની સમીક્ષા પ્રગટ કરાવો, બરાબર પ્રચાર કરો, ખામી એ રહી જાય કે ઘણા પ્રકાશકો કૃતિનો પ્રચાર બરાબર કરી શકતા નથી. જેથી લોકો સુધી તે અંગે જાણ થતી નથી. તમે વધુને વધુ વેચી તેનો જરૂરી લાભ મેળવો અને જે લાભ થાય તેમાં લેખક સાથે કરાર અનુસાર તેને પણ લાભ આપો. જેથી લેખકને એમ લાગે કે લેખન એક લાભદાયક વ્યવસાય છે અને સામાજિક સમસ્યાઓ પર પ્રકાશ પાડવા માટે માર્ગદર્શનના સન્માનજનક કામ સાથે આર્થિક યુગમાં આર્થિક લાભ પણ થઈ શકે છે. જો સમાજ તેના લેખકની ઉપયોગિતા સમજતો હોય તો તેણે સમયનો વ્યય કર્યો છે તેનું યથાયોગ્ય મુલ્ય પણ મળવું જોઈએ. અન્યથી લેખકને કોઈ વ્યવસાય રુપે અપનાવશે નહીં.' તેનાથી ઈચ્છીત સાહિત્ય સર્જનના પરિક્ષણ તેમજ નિરંતરામાં વિક્ષેપ પડશે. જે નિ:સ્વાર્થ અથવા પોતાના પૈસાથી છપાવતા હોય તે ભલે છપાવે. પરંતુ સારા સાહિત્યને વ્યવસાય રુપે જો અપનાવે તો સાહિત્ય લેખક એક લાભપ્રદ થઈ શકે. એ નિયમાનુસાર થવો ઘટે. તે માટે કોઈ વૈચારિક યોજના વાંચ્છનીય છે.

પ્રકાશકે ઊભા થઈ કવિનચંદ્રની વાત સ્વીકારી તે કૃતિને લઈ ચાલતા થયા. 'સારું, કરાર પછીથી કરી લઈશું.'

### Hello ફ્રેન્ડ્સ!

● ૪ પાનાનું ચાલુ...

પણ છતાંય તારા પર કોઈ બળજબરી નથી. તને યોગ્ય લાગે તેમ કર. તું નક્કી યશસ્વી થઈશ મને ખાત્રી છે. તું તારા જીવનનું મનગમતું ચિત્ર બનાવ, એમાં એકાદ ખૂણે મારો મનગમતો કલર કરજે... પણ કયાંક કલંકનો કાળો કલર ના ચઢે એ જરુર જોજે. તું અને તારા બધાં મિત્રો ટેન્શનનો ભાર ઉતારી સરસ પરીક્ષા આપો. તમારી બધી મનોકામના પૂર્ણ થાય એવી ઈશ્વર ચરણે પ્રાર્થના... તારું હીત જોતો તારો પિતા.

ચૂંટલો : નાનકડી નિષ્ફળતા પર પંખો વાંકો વાળતાં, કેનાલનું પાણી પ્રદુષિત કરતાં કે ઝેરી દવા ગટગટાવી વંદા-ગરોળીને જીંદગી આપતા યુવાનો એટલું સમજી જાઓ કે આ તમારા અંતિમ પગલાં બાદ પરિવારને નામોશી મળે છે, મરવું આસાન છે, પણ વિકટ પરિસ્થિતિનો સામનો કરી જીવવું વધું જિંદાદીલીનું કામ છે... ફરગેટ ધ રિઝલ્ટ ફાઈટ વિથ ફેક્ટ.